**રૂપિયાની રામાયણ**

| | |
|---|---|
| ડૉલર | ₹ ૬૪.૨૮ |
| યુરો | ₹ ૭૫.૫૭ |
| પાઉન્ડ | ₹ ૮૩.૩૮ |
| યેન (૧૦૦) | ₹ ૫૮.૯૭ |

# તાકીદની સ્થિતિમાં નાણાં મેળવવાની સુવિધા લિક્વિડ મ્યુચ્યુઅલ ફન્ડમાં મળે છે



મ્યુચ્યુઅલ ફન્ડનો ફન્ડા

અમિત ત્રિવેદી

**આપણે** વર્ષોથી જોતા આવ્યા છીએ કે ઘણા લોકો કરન્ટ અને સેવિંગ્સ અકાઉન્ટમાં મોટી રકમ રાખી મૂકતા હોય છે. તાકીદના સમયે તાબડતોબ કામ આવે એ માટે આ નાણાં રાખવામાં આવે છે.

નાણાકીય ક્ષેત્રના વ્યવસાયી તરીકે મને એક સવાલ એ થાય છે કે તાકીદે નાણાંની જરૂર પડે એવું કેટલી વખત બનતું હોય છે? બીજો સવાલ એ છે કે તાકીદના સમયે કેટલાં નાણાંની જરૂર પડી શકે છે? સેવિંગ્સ અકાઉન્ટમાં મોટી રકમ રાખનારા ઘણા હોય છે, પરંતુ ઉક્ત બન્ને સવાલ પોતાને પૂછ્યા હોય એવું ભાગ્યે જ કોઈ મળશે.

બૅન્કની અંદર મોટી રકમ રાખનારા મોટા ભાગના લોકો તાકીદની જરૂરિયાતથી ડરીને એ રકમ રાખી મૂકે છે. તાકીદની સ્થિતિનો ડર દરેકના મનમાં હોય છે. કટોકટી ગમે ત્યારે આવી શકે છે એવું કહીને લોકો પોતાના આ વર્તનને સમર્થન આપે છે. તૈયારી કરવાનો સમય ન મળે એ જ તાકીદની સ્થિતિ કહેવાય એવું તેમનું કહેવું છે. તેમની વાત સાવ સાચી છે. મુશ્કેલીઓ કે તાકીદની સ્થિતિ કે કટોકટી કહીને આવતી નથી. જોકે આમાં મારે એ પૂછવાનું છે કે તાકીદના સંજોગોમાં કેટલા સમય પહેલાં નાણાંની જરૂર પડી શકે? પરિવારજનને હૉસ્પિટલમાં દાખલ કરવા પડે એ સ્થિતિમાં તાબડતોબ કેટલા પૈસાની જરૂર પડે? શું હૉસ્પિટલવાળા દરદીને દાખલ કરવાની ના પાડી દે છે?

આપણી ચર્ચા પરથી એ સ્પષ્ટ થાય છે કે તાત્કાલિક ધોરણે નાણાંની જરૂર પડી શકે છે. એ કેટલાં નાણાં હોય એનો કોઈ અંદાજ હોતો નથી. આ બન્ને હકીકતોને ધ્યાનમાં રાખીને આપણે નાણાકીય બજારમાં આવેલાં પરિવર્તનોનો પોતાના લાભ માટે ઉપયોગ કરી શકીએ છીએ.

મ્યુચ્યુઅલ ફન્ડ ઉદ્યોગમાં આવેલું લિક્વિડ મ્યુચ્યુઅલ ફન્ડ આવું જ એક પરિવર્તન છે. ઘણા થોડા વખતમાં નાણાં લઈ આવવાં પડે એ સ્થિતિ માટે લિક્વિડ મ્યુચ્યુઅલ ફન્ડનો વિકલ્પ ઉપયોગમાં લેવા જેવો છે. વળી આ માધ્યમ તો એવું છે કે તમારે ત્રણથી ચાર દિવસ માટે નાણાં રાખવાં હોય તો પણ એનો ઉપયોગ કરી શકો છો. આવા ફન્ડમાં નાણાં રોકવા માટેનો કોઈ મહત્તમ સમયગાળો નિશ્ચિત નથી. એમાં પાકતી તારીખ હોતી નથી અને રોકાણકારે પણ કેટલા દિવસ નાણાં રાખવાનાં છે એ પહેલેથી જણાવવું પડતું નથી.

બીજી એક ખાસ વાત. સેવિંગ્સ બૅન્ક-અકાઉન્ટમાં કે એક વર્ષથી ઓછી મુદતની બૅન્કની ફિક્સ્ડ ડિપોઝિટ કરતાં વધારે વળતર મળવાની સંભાવના આ ફન્ડમાં રહેલી છે. હાલમાં મ્યુચ્યુઅલ ફન્ડના નિયમનકારે લિક્વિડ ફન્ડમાંથી મહત્તમ ૫૦,૦૦૦ કે ફોલિયોની કુલ બૅલેન્સના ૫૦ ટકા એ બન્નેમાંથી જે રકમ ઓછી હોય એટલા પ્રમાણમાં રકમનું તાત્કાલિક રિડમ્પ્શન કરવાની મંજૂરી આપી દીધી છે. આટલા પ્રમાણમાં રિડમ્પ્શન કરાવો એટલે અડધા કલાકમાં જ રકમ તમારા ખાતામાં જમા થઈ જાય. તાકીદની સ્થિતિ માટે એનાથી વધુ સારી સુવિધા બીજી કઈ હોઈ શકે? બસ, તો પછી વધારે વિચાર કરવાની જરૂર નથી. લિક્વિડ ફન્ડની પ્રવાહિતામાં તરવાનો આનંદ માણવા માંડો.

***(લેખક કર્મયોગ નૉલેજ ઍકૅડેમીના સ્થાપક છે. તેમણે અહીં પોતાનાં અંગત મંતવ્યો રજૂ કર્યાં છે.)***

# શિક્ષણ, સ્વાસ્થ્ય અને રોજગારી પર ભાર મૂકીને સરકાર આર્થિક વિકાસ આડે આવતો અંતરાય દૂર કરી શકે

## એમ કરીને સરકાર અનામત આંદોલનને પણ દબાવી શકે. હિન્દ છોડો ચળવળને ૯ ઑગસ્ટે ૭૫ વર્ષ પૂરાં થયાં એ પ્રસંગે વડા પ્રધાને આઝાદ ભારતનાં ૭૫ વર્ષ પૂરાં થાય ત્યાં સુધીમાં એટલે કે ૨૦૨૨માં દેશમાંથી ભ્રષ્ટાચાર, ગરીબી, આતંકવાદ, જાતિવાદ નાબૂદ કરવા પોતે વચનબદ્ધ છે એવી વાતો કરી છે. ૨૦૨૨માં ગાંધીજીના સપનાનું નવું ભારત સર્જવા માટે સરકાર અવિરતપણે કામ કરશે એવો એક વિશેષ ઠરાવ લોકસભામાં સર્વાનુમતિએ પસાર કર્યો છે



અર્થતંત્રના આટાપાટા

જિતેન્દ્ર સંઘવી

રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીના મુદ્દે વિરોધ પક્ષ એક થતાં ચોમાસુ સત્રમાં ખેડૂતોની સમસ્યા અને આત્મહત્યા, દલિતો પરના અત્યાચાર અને દેશનાં કેટલાંક રાજ્યોમાં આવેલા પૂરના મુદ્દે વિપક્ષો સરકારને લડત આપશે એ આશા ઠગારી નીવડી છે એનું મુખ્ય કારણ વિપક્ષમાંથી નીકળી જનતા દલ (યુનાઇટેડ)નું નૅશનલ ડેમોક્રૅટિક અલાયન્સમાં થયેલું જોડાણ ગણાય. આ એક ઘટનાએ વિપક્ષોના સઢમાંથી હવા કાઢી નાખવાનું કામ કર્યું. વિપક્ષમાં નેતાગીરીનો સંપૂર્ણ અભાવ તો ખરો જ, પણ દેશની આર્થિક અને રાજકીય સમસ્યાઓને સંસદમાં અસરકારક રીતે રજૂ કરી શકે એવી વ્યક્તિઓ પણ નામશેષ થતી જાય છે. જોકે એનું એક સારું પરિણામ એ આવ્યું કે ૧૧ ઑગસ્ટે પૂરા થયેલા સંસદના ચોમાસુ સત્રમાં બન્ને ગૃહો (લોકસભા અને રાજ્યસભા) કામ કરી શક્યાં. લોકસભાની ઉત્પાદકતા (કુલ સમયમાંથી અસરકારક રીતે કામ કરી શકાયું હોય એની ટકાવારી) ૭૦ ટકા અને રાજ્યસભાની ૭૩ ટકા જેટલી રહી.

ગયા અઠવાડિયે ગુજરાતની રાજ્યસભાની બેઠક પર કૉન્ગ્રેસના અહમદ પટેલ વિજયી બનતાં કૉન્ગ્રેસની આબરૂ સચવાઈ રહી, પણ ગુજરાતમાં પક્ષમાં પડેલા ભંગાણ સ્વરૂપે કૉન્ગ્રેસે એને માટેની ભારે કિંમત ચૂકવવી પડી.

કૉન્ગ્રેસ પછી BJP પહેલો રાજકીય પક્ષ છે જે કેન્દ્રમાં સત્તા પર હોવા સાથે દેશનાં ૧૮ રાજ્યોમાં સત્તા ભોગવે છે. એમાંનાં સાત રાજ્યોમાં BJP પહેલી વાર સત્તા પર આવી છે. ખાસ કરીને બાકીનાં પશ્ચિમ બંગાળ, તેલંગણ, તામિલનાડુ, કેરળ, ઓડિશા અને આંધ્ર પ્રદેશ જેવાં રાજ્યોમાં સત્તા કબજે કરવાનું BJP અને એના પ્રમુખ અમિત શાહનું સપનું હોય એ સ્વાભાવિક છે. આમ કરીને ધીરે-ધીરે રાજ્યસભામાં નંબરની જે ઊણપ છે એ પૂરી કરી શકાય અને એ થકી વિના રોકટોક આર્થિક સુધારાઓની દિશામાં આગળ વધી શકાય.

યોગાનુયોગ હોઈ શકે કે કૉન્ગ્રેસની પડતી સાથે જ વિશ્વના કેટલાય દેશોમાં ત્યાંના મુખ્ય રાજકીય પક્ષોની અસરકારકતા ઓછી થઈ રહી છે. આમાં મુખ્ય રીતે સાઉથ આફ્રિકાની આફ્રિકન નૅશનલ કૉન્ગ્રેસનો સમાવેશ કરી શકાય. બ્રિટનની લિબરલ પાર્ટી વર્ષો પછી, પહેલા વિશ્વયુદ્ધ પછી અદૃશ્ય થઈ ગઈ. પશ્ચિમ યુરોપની કમ્યુનિસ્ટ પાર્ટીઓનો પણ આવો જ અંત આવ્યો હતો.

તો બીજી તરફ ૭૦થી વધુ વર્ષ મેક્સિકોમાં રાજ કર્યા પછી ભ્રષ્ટાચારના ભાર નીચે ૨૦૦૦ની સાલમાં સત્તામાંથી બહાર ફેંકાયા પછી નવી નેતાગીરી સાથે (અને હરીફ પક્ષોની નબળાઈને કારણે) એ ફરી એક વાર ૨૦૧૨માં સત્તા પર આવી. જપાનની લિબરલ ડેમોક્રૅટિક પાર્ટી લગભગ અડધી સદી સત્તા પર રહ્યા પછી ૨૦૦૯માં સત્તામાંથી બહાર ફેંકાયા પછી માત્ર ત્રણ વર્ષના ટૂંકા ગાળામાં ફરી સત્તા પર આવી ગઈ. ઇન્ડિયન નૅશનલ કૉન્ગ્રેસમાં ફરી એક વાર પ્રાણ ફૂંકી શકે એવો નેતા આજે તો દેખાતો નથી. કૉન્ગ્રેસમાં સત્તાના વારસની પ્રથા ન બદલાય અને પક્ષમાં આંતરિક લોકશાહી ન આવે કે BJPની જેમ ગ્રાસ-રૂટ સ્તરે ચૂંટણીના બૂથ-લેવલની કમિટીઓ ન બને અને એમાં સ્ત્રીઓ અને યુવાનોનો સમાવેશ ન થાય તો ભારતમાં મેક્સિકો કે જપાનનું પુનરાવર્તન શક્ય નથી.

આજની સરકાર ગમેએટલી કાર્યક્ષમ અને પ્રામાણિક હોય, દેશમાં માત્ર કૉન્ગ્રેસ જ નહીં, વિરોધ પક્ષ નામશેષ થઈ જાય એ સ્થિતિ તંદુરસ્ત લોકશાહી માટે આવકાર્ય નથી.

આટલી પ્રસ્તાવના એટલા માટે કે દેશમાં એક પક્ષની મજબૂત અને સ્થિર સરકાર ન હોય તો આપણા આર્થિક વિકાસ આડેનો જેટલો મોટો અંતરાય છે એથી મોટો અંતરાય અસરકારક વિરોધ પક્ષની ગેરહાજરી સર્જી શકે એ વિશે બેમત ન હોઈ શકે.

એક બાજુ વિરોધ પક્ષ નાબૂદ થતો જાય છે કે એની અસરકારકતા ઓછી થતી જાય છે તો બીજી બાજુ આઝાદીનાં ૭૦ વર્ષ પછી પણ અનામતનું દૂષણ ઓછું થવાને બદલે વધતું જાય છે એ ગયા અઠવાડિયે મુંબઈમાં મરાઠાઓના શક્તિ-પ્રદર્શને, મોરચાએ અને આંદોલને ફરી એક વાર પુરવાર કર્યું છે. ફડણવીસ સરકારે આંદોલનની પ્રચંડ તાકાતને પારખીને મરાઠાઓની શિક્ષણમાં અનામતની માગણી સ્વીકારી છે અને નોકરીઓમાં અનામતની માગણીની શક્યતા (ફાયદા-ગેરફાયદા) તપાસવા માટે કમિશનની રચના કરવાનું જાહેર કર્યું છે.

મરાઠા હોય કે જાટ, દેશનાં અનેક રાજ્યોમાંથી ઊઠતી અનામત માટેની માગણી દેશના આર્થિક વિકાસ સામે મોટો પડકાર છે અને એને ગંભીર ચેતવણી ગણવી જોઈએ. જ્ઞાતિપ્રથાના અમલને કારણે જે નબળા વર્ગે આર્થિક રીતે સહન કરવું પડ્યું એને સામાજિક ન્યાય મળે એ માટેના એક સાધન તરીકે શરૂ થયેલી અનામતની પ્રથા ધીમે-ધીમે બંધ થવાને બદલે વિસ્તરતી જાય તો આ પ્રથાની ઊંડાણથી ફેરવિચારણા યુદ્ધને ધોરણે કરવાનો સમયનો તકાદો સમજીને સરકારે એ માટેનાં યોગ્ય પગલાં લેવાં પડે. મરાઠાઓની આ માગણીથી ક્વોટા પરની ૫૦ ટકાની ઉપલી છત પણ ઓળંગાઈ જાય એટલે રાજ્ય સરકાર માટે એ મોટો પડકાર છે.

ગામડાંઓના અર્થતંત્રની દયનીય સ્થિતિને કારણે જમીનો ધરાવતા જાટ અને મરાઠાઓની મુશ્કેલી વધી છે એની ના નહીં. મંડલ કમિશનને કારણે એ સ્થિતિ વધુ દયનીય બનતી જાય છે અને સંગઠિત જાતિઓ માટે અનામતની માગણી દ્વારા સરકારને ભિડાવવાની એક ફૅશન થઈ ગઈ છે. આનો કોઈ અંત નથી. ઉપરથી એક જ્ઞાતિને અનામતના લાભ આપવાનું શરૂ કરો એટલે બીજી જ્ઞાતિની મુશ્કેલીઓ અને માગણીઓ વધવાની જ.

જો આમ જ ચાલ્યું તો સમાજ જ્ઞાતિઓ વચ્ચે વહેંચાયેલો રહેશે. ૭૦ વર્ષના અનુભવે આપણે એટલું શીખવું જોઈએ કે અનામતની પ્રથા એ જાતિઓના નીચલા સ્તરને આર્થિક રીતે સક્ષમ બનાવવામાં કારગત નહીં નીવડે.

ગુણવત્તા (મૅરિટ)ના ધોરણે દરેકને ઉચ્ચ ગુણવત્તાવાળું શિક્ષણ મળે, નોકરીઓ માટેની યોગ્ય ટ્રેઇનિંગ મળે એવા યોગ્ય પણ ધરમૂળ ફેરફારો શિક્ષણની પ્રથામાં, કૉલેજ અને યુનિવર્સિટી લેવલે કરવા પડે. અનામતની પ્રથા દ્વારા યોગ્ય ગુણવત્તા ન હોય એવા શિક્ષકો, પ્રોફેસરો, ડૉક્ટરો કે ઇજનેરોને તૈયાર કરવાને બદલે સ્કિલ ડેવલપમેન્ટના પ્રોગ્રામ દ્વારા કુશળ કારીગર વર્ગ પણ તૈયાર થાય એ જરૂરી છે. આપણે ત્યાં અનામતની નહીં એટલે કે જે શિક્ષણ માટેની સીટો (કૅપેસિટી) છે એને મર્યાદિત વર્ગમાં વહેંચવાને બદલે કે જે નોકરીઓ છે એને ‘રિઝર્વ’ કરવાને બદલે આપણા યુવાધનને યોગ્ય શિક્ષણ અને તાલીમ દ્વારા તૈયાર કરવાની જરૂર છે. આજે દેશમાં કુશળ કારીગરો (ટર્નર, ફિટર, પ્લમ્બર, કાર્પેન્ટર, કડિયા, ડ્રાઇવર, ઇલેક્ટ્રિશ્યન)ની સખત ખેંચ છે. એ માટેની તાલીમ દ્વારા એવા કારીગરો તૈયાર થાય તો તેમને માટે નોકરીની તકો તો રાહ જોતી ઊભી જ છે. એ જ વસ્તુ સારા શિક્ષકો, પ્રોફેસરો, ડૉક્ટરો અને નર્સો જેવા પૅરામેડિકલ સ્ટાફ માટે પણ લાગુ પડે છે. દેશમાં ડૉક્ટરોની અને નર્સોની ખાસ કરીને ગામડાંઓમાં ખૂબ અછત છે. ડૉક્ટર માટે ૭-૮ વર્ષનો MBBSનો કોર્સ હોય એ જરૂરી છે, પણ એ સાથે રોજબરોજના સામાન્ય રોગોને ટ્રીટ કરી શકે એવા ટૂંકા ગાળાના બે કે ત્રણ વર્ષના કોર્સ તૈયાર કરી શકાય. નર્સોની અછત અને માગણી આપણે ત્યાં તો છે જ, પણ વિદેશમાં પણ આપણી નર્સો માટે નોકરીની મોટી તકો દરવાજા ખટખટાવતી ઊભી છે.

દેશમાં આર્થિક સુધારાઓ ગમે એટલા થયા હોય પણ સામાજિક ક્ષેત્રના સુધારાઓ કે શિક્ષણ અને સ્વાસ્થ્ય ક્ષેત્રની સગવડોનો અભાવ ઊડીને આંખે વળગે એવો છે. હૉસ્પિટલ મૅનેજમેન્ટના કોર્સને પણ પ્રાધાન્ય આપવાની જરૂર છે. ગોરખપુરમાં સરકારી હૉસ્પિટલને ઑક્સિજનનો પુરવઠો બંધ કરવામાં આવતાં ૨૪ કલાકમાં હૉસ્પિટલમાં સારવાર લઈ રહેલાં ૩૦ બાળકો મરણને શરણ થયાં. ઑક્સિજનનો પુરવઠો બંધ કરવાનું કારણ? વારંવારની ચેતવણી છતાં ઑક્સિજનના બિલની રકમ ભરપાઈ ન થઈ હોવાનું જણાવાયું છે. સરકારી હૉસ્પિટલ છે એટલે માત્ર નહીં, પ્રાઇવેટ હૉસ્પિટલમાં આવી ગોઝારી ઘટના બને તો પણ જે-તે રાજ્ય સરકારે એને માટેની જવાબદારી સ્વીકારવી જોઈએ. બિલની ચુકવણી બાકી હોય કે અન્ય કોઈ કારણ હોય, રાજ્ય સરકાર આ જવાબદારીમાંથી છટકી જ ન શકે. આવી શરમજનક ઘટના કદાચ ભારતમાં જ બની શકે. યોગ્ય રીતે ક્વૉલિફાઇડ હૉસ્પિટલ મૅનેજમેન્ટનો અભાવ આ ઘટનાનું મૂળ ગણાય. કેન્દ્ર સરકારે પણ આ ઘટનાને ગંભીરતાથી લઈને એમાંથી બોધપાઠ લઈને, ફરી દેશમાં ક્યાંય આવી ઘટના ન બને એ માટેનાં બનતાં પગલાં લેવાં જોઈએ. યોગ્ય અને પારદર્શક વહીવટ (પ્રૉપર ઍન્ડ ટ્રાન્સપરન્ટ ગવર્નન્સ)માં માનતી સરકાર પાસેથી આવી અપેક્ષા રાખવી વધુપડતી ન ગણાય. શિક્ષણ અને સ્વાસ્થ્ય જેવી નાગરિકોની આ બે પાયાની જરૂરિયાત માટે સરકારે ખર્ચ વધારવો પડશે અને સાથે-સાથે કરાતા ખર્ચની કાર્યક્ષમતા પણ. ગુડ્સ ઍન્ડ સર્વિસિસ ટૅક્સ (GST)ને કારણે સરકારનો ટૅક્સ-GDP રેશિયો ૨૦૧૯-’૨૦માં ૧૨ ટકા જેટલો થવાની શક્યતા છે. સરકારના કરવેરાની આવક વધવાને કારણે આ શક્ય બની શકે. કરવેરાની આવક વધતી જાય અને ટૅક્સ- GDP રેશિયો વધે એમ સરકારનો રેવન્યુ ખાતાનો ખર્ચ ઘટાડીને સરકારે એનો મૂડીખર્ચ વધારવો જોઈએ. એમાં પણ શિક્ષણ અને સ્વાસ્થ્ય પાછળના ખર્ચ વધારવાની તાકીદ રાખવી જોઈએ.

હિન્દ છોડો (Quit India) ચળવળને ૨૦૧૭ની ૯ ઑગસ્ટે ૭૫ વર્ષ પૂરાં થયાં એ પ્રસંગે વડા પ્રધાને આઝાદ ભારતનાં ૭૫ વર્ષ પૂરાં થાય ત્યાં સુધીમાં એટલે કે ૨૦૨૨માં દેશમાંથી ભ્રષ્ટાચાર, ગરીબી, આતંકવાદ, જાતિવાદ નાબૂદ કરવા પોતે વચનબદ્ધ છે એવી વાતો કરી છે. ૨૦૨૨માં ગાંધીજીના સપનાનું ‘નવું ભારત’ સર્જવા માટે સરકાર અવિરતપણે કામ કરશે એવો એક વિશેષ ઠરાવ લોકસભામાં સર્વાનુમતિએ પસાર કર્યો છે.

૧૧૭ કરોડ મોબાઇલ ફોનના જોડાણ સાથે ભારત વિશ્વમાં ત્રીજા ક્રમે છે. હકીકતમાં ભારતે મોબાઇલ ફોન અને ઇન્ટરનેટ દ્વારા સંદેશવ્યવહારના ક્ષેત્રે જબરદસ્ત ક્રાન્તિ કરી છે. એવી જ ક્રાન્તિ હવાઈ મુસાફરીના ક્ષેત્રે થઈ છે. સંદેશવ્યવહાર ક્ષેત્ર કે હવાઈ મુસાફરીના ક્ષેત્ર જેવી ક્રાન્તિ શિક્ષણ અને સ્વાસ્થ્ય ક્ષેત્રે ૨૦૨૨ સુધીમાં કરવા સરકાર કટિબદ્ધ થશે અને એ દિશામાં નક્કર પગલાં લેવાતાં હોય એવો અહેસાસ કરાવશે તો આપોઆપ અનામતનાં ઠેર-ઠેર ઊઠતાં આંદોલનો પર બ્રેક લાગશે, એટલું જ નહીં, ૭૫ વર્ષનું ‘યંગ ઇન્ડિયા’ વિશ્વમાં મસ્તક ઊંચું રાખીને જીવી શકશે. વર્તમાન સરકારને બેશક એ માટેની ક્રેડિટ મળશે.

***BJP = ભારતીય જનતા પાર્ટી***

***(લેખક ઇન્ડિયન મર્ચન્ટ્સ ચેમ્બરના ભૂતપૂર્વ ડેપ્યુટી ડાયરેક્ટર જનરલ છે)***